શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૧૧
અંક : ૫

**ભુમિકા**

મોટાભાગે NGOના ફંડીંગના સ્ત્રોત નીચે મુજબ હોય છે.

સરકારી ગ્રાન્ટ, સ્વૈચ્છિક દાતા તરફથી મળતું અનુદાન, ફંડીંગ એજન્સી તરફથી મળતું અનુદાન, અન્ય આવકો વિગેરે. જયારે સંસ્થા પાસે કોઈ રીઝર્વ ફંડ કે કોરપસ ફંડ ન હોય ત્યારે સંસ્થાને નાણાકિય બાબતોના ઘણા પ્રશ્નો ઉદભવે છે. તે સમયે આવી પરિસ્થિતીમાંથી સંસ્થાને બહાર લાવવા બોર્ડની ભુમિકા શું હોઈ શકે.

આ માટે નાણા ભંડોળ ઉભુ કરવાની જવાબદારી કોની નાણાંભંડોળ માટે કેવી રણનીતી અને પોલીસી હોઈ શકે? નાણાંભંડોળ ઉભું કરવા માટે સંસ્થાના વૈતનિક સ્ટાફ તથા બોર્ડ મેમ્બરની શું ભુમિકા હોઈ શકે.

<u>આ માટે સંસ્થામાં</u>

મજબુત નાણાંકિય આયોજન, નાણાકિય પોલીસીની સ્પષ્ટ સમજણ સાથે નાણા ભંડોળ કમીટીની રચના કરવી જોઈએ.

દાતા સંસ્થાઓને પ્રોજેકટ પ્રપોઝલ આપવામાં આવે.

અન્ય પાસેથી ફંડ મેળવવામાં આવે.

અન્ય દાનવીરો પાસેથી પત્ર વ્યવહાર દ્વારા સીધી મદદ માંગવામાં આવે.

સંસ્થા જે સેવાઓ પુરી પાડે છે તેની સાધારણ એવી ફી લઈ શકે. સભ્ય ફી લઈ શકાય.

મેળાઓ વિ.માં પુસ્તક તથા સંસ્થા દ્વારા નિર્મિત વસ્તુનું વેચાણ કરીને પણ ભંડોળ મેળવી શકાય.

માત્ર સંસ્થાના પ્રમુખ/ડિરેકટર આ માટે જવાબદાર નથી. આ માટે બોર્ડના અન્ય સભ્યો પણ જવાબદાર છે.

સંસ્થાના ઉદ્વેશ્યને લઈ કાર્યક્રમ પ્રમાણે કયાંથી બજેટ મળી શકે તે જોવાની પણ જવાબદારી છે.

બોર્ડ આ માટે નવી નીતીઓ ઘડી શકે.

દાતા સંસ્થાઓ પ્રપોઝલ મુકે.

---

**માહિતી અધિકાર હેલ્પલાઈન ૯૯૨૪૦૮૫૦૦૦**

**માહિતી અધિકાર હેલ્પલાઈન ૯૯૨૪૦૮૫૦૦૦**

**જુન-૦૯ ના મહત્વના દિવસો**

**૫ વિશ્વ પર્યાવરણ દિવસ**

**૨૦ વિશ્વ રેફયુઝીયલ ડે**

***સાચો સ્નેહમાં ના પ્રેમમાં રહેલો છે.***

શાસન વ્યવસ્થા

૧૮૬૦મા રચાયેલ સોસાયટી રજિસ્ટ્રેશન એકટને લઈને આજ સુધી સ્વયં સેવી સંસ્થાઓનું રૂપ બદલી ગયું છે. આજે સમાજમાં નિઃસ્વાર્થ સેવાભાવથી કામ કરવાવાળા લોકો ઓછા મળે છે. મોટા ભાગના લોકોને આ એક રોજી-રોટી મેળવવાનું સાધન છે. એટલા માટે સમાજમાં થોડુ યોગદાન મેળવવાનો અવસર મળે છે. ધીમે ધીમે કરીને સ્વયં સેવાના કામોને આપણે પોતાને એક અલગ વ્યાવસાયિક ક્ષેત્રના રૂપમાં વિકસિત કર્યું છે.

આ સંસ્થાઓની સ્થાપનાનો મુખ્ય ઉદેશ સામાજીક ઉધ્ધાર છે. સમાજના પછાત અને ગરીબ લોકો માટે તે સમર્પિત છે. એટલા માટે એમનું સામાજીક દાયિત્વ બીજાની તુલનામાં વધારે છે.

આ બધા જનાદેશોને લાગુ કરવા માટે એક બોર્ડ, (જેમને ગવર્નીંગ કાઉન્સીલ, બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ, બોર્ડ ઓફ ડાયરેકટર્સ પણ કહેવાય છે) જે આ સંસ્થાઓ પર શાસન કરી શકે તે જરૂરી છે. આવી રીતની સમિતિઓનો મુખ્ય ઉદેશ આ સંસ્થાઓના સંચાલન પર ધ્યાન રાખવું તથા એવી નીતીઓનું નિર્માણ કરવાનું છે જે જનતાના હિતમા હોય.

પડકારો

જયારે કોઈ સંસ્થાની સ્થાપના થાય, સંસ્થાપક એવી વ્યકિતઓની પસંદગી કરે છે જે તેમના પરિચયમાં હોય, જેની પાસે આસાનીથી પહોંચી શકે તથા જે સંસ્થાના વિકાસ તથા તેમના ઉદ્દેશ્ય સુધી પહોંચવામાં યોગદાન આપી શકે. આ સમિતિઓનો કોઈ પુર્વ નિર્ધારિત કાર્યક્રમ હોતો નથી. ફકત તેઓની વૈજ્ઞાનિક જરૂરિયાત પુરી કરે છે.

બોર્ડની જવાબદારી આવી સંસ્થાઓની સંપુર્ણ યોજનાને દુરદ્રષ્ટિ દ્વારા પુરી કરવાની હોય છે. કયારેક કયારેક ફકત વૈજ્ઞાનિક જટીલતાઓને ઉકેલવા સુધી સિમિત રહે છે.કયારેક કયારેક બોર્ડના સદસ્ય વભારે બુધ્ધિ શાળી, તથા વધારે યોગ્ય વ્યકિત હોય ત્યારે તેઓને બોર્ડના કાયોમાં વ્યસ્ત રાખે છે. તેઓ તે પણ ધ્યાન રાખે છે કે તેઓના સી.ઈ.ઓ, કારોબારી સમિતિ, કાર્યનિદ્રેશક તેની ક્ષમતાને કેવી રીતે ઉપયોગમાં લાવે છે. બોર્ડ મિટિંગ પુર્વનિર્ધારિત હોય છે. બધી જાણકારી ઉપલબ્ધ હોય છે અને નિર્ણય પણ ત્યાં જ લેવામાં આવે છે.

આમ, દરેક બાબતો યોગ્ય, વિવેકપુર્ણ, યોગ્ય પધ્ધતિથી કરવામાં આવે છે. તેમ છતાં પણં સુધારાની જરૂર છે. સમિતિની રચના એડહોક થાય છે. બંને પક્ષોની અપેક્ષાઓ સ્પષ્ટ હોતી નથી જેથી તે પુરી શાસન વ્યવસ્થાની અસફળ તાનું કારણ બને છે. કોઈપણ વિકસિત સંસ્થા એવું સમજે છે કે જયાં સુધી સારી શાસન પધ્ધતિ ન અપનાવવી કે તેના માટે ટકવું મુશ્કેલ હોય. આ કારણથી સંસ્થાઓ તે કરી શકતી નથી.

( સાભારઃ સુશાસન અંક ૨ માથી અનુવાદિત સંકલિત અંશો)

***આત્માથી થતું મિલન જીવનને રંગીનમય બનાવે છે.***

## અનુભવ

થોડા દિવસ પહેલા એક ખેડુત સાથે સંવાદ થયો. એક કામ અંતર્ગત અમે આ સુખી સમૃધ્ધ અને વયોવૃધ્ધ એવા ગામના આગેવાન માજી સરપંચને મળ્યા. તેમની સાથે સરકારશ્રીની વિવિધ યોજનાઓ અને તેના સંદર્ભે વાત થઈ. ખેતી અંગે સજીવખેતીની વાત થતા તેમણે ઉગ્ર વિરોધ નોંધાવ્યો. તેમના કહેવા પ્રમાણે ''મે મારા ઘરના બગીચામાં બે અલગ અલગ ભાગમાં છોડ વાવેલ જેમાં એક ભાગમાં છાણિયું ખાતર અને બીજા ભાગમાં રાસાયણિક ખાતર નાખેલ. મારા આશ્ચર્ય વચ્ચે છાણિયા ખાતરવાળા છોડ પર મિલિબગ આવેલ જયારે રાસાયણિક ખાતરવાળા છોડ તંદુરસ્ત રહેલ.

તેમણે કહયું હાલમાં છોડને જો દવા અને રાસાયણિક ખાતર ન આપીએ તો આ ખતરનાક જીવાતો બીજમાંથી અંકુરણ પણ થવા ન દે અને ત્યારે સજીવ ખેતીની વાત ગળે ઉતરતી નથી. સજીવખેતીનું પરિણામ કદાચ મોડે મળે ત્યાં સુધીના વર્ષોમાં ખેડુત પાયમાલ થઈ જાય તેનું શું? જનીનીક ફેરફાર વાળા બિયારણો બાબતે પણ તેમની માન્યતા એ હતી કે આજે તના સિવાય છુટકો નથી.

(ઉપરોકત બાબતે સંસ્થાના કાર્યકરના મત થોડા અલગ હતા પરંતુ વર્ષોથી ખેતી સાથે સંકળાયેલ વ્યકિતના વિચારો ઉપરમુજબ હતા જે વાચકોના ધ્યાન પર મુકીએ છીએ)

## સેવાતીર્થ

તાઃ ૨૬/૪/૦૯ ના રોજ 'સેવાતીર્થ', તરસાલી, વડોદરા મુકામે પોલીયો ફાઉન્ડેશનના સહયોગથી જરૂરીયાતમંદ દર્દીઓ માટે ઓર્થોપેડીક, સેરેબ્રલ પાલ્સી અને ફીજીયોથેરાપી સારવાર–નિદાન અને ત્યારબાદ જરૂરિયાત મંદોને ઓપરેશન અંગેનો એક કેમ્પ યોજવામાં આવ્યો. જેમાં ડૉ.ભટ્ટ (ફીજીયોથેરાપીસ્ટ)એ વિનામુલ્યે સેવા આપી ૨૦ ઓર્થોપેડીક નિદાન સારવાર, ૧૪ સેરેબ્રલ પાલ્સીના દર્દીઓ અને ૧૧ ફીજીયોથેરાપીના દર્દીઓની તપાસ કરી ૬ દર્દીઓને પોલીયો ઓપરેશન માટે સમજાવી તૈયાર કરવામાં આવ્યા, જેઓનું ઓપરેશન ૧૪ જુન ૨૦૦૯ના રોજ પોલીયો ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવશે. ૧ દર્દીને જયપુર ફુટ તથા ૨ દર્દીને કેલીપર્સ આપવામાં આવશે.

### નાબાર્ડ

તા. ૧૪/૫/૦૯ના રોજ નાબાર્ડના જીએમ શ્રી કે. મુરલીધર રાવ એ હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટનીની મુલાકાત લીધી. સંસ્થામા ચાલતા સેલ્ફ હેલ્પ ગૃપની કામગીરીની સમીક્ષા કરી. આ સંસ્થાના તાલીમ કેન્દ્રમાં ચાલતા રૂડસેટી કાર્યક્રમના સંચાલકો સાથે મીટીંગ કરી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા શરૂ કરાયેલ માર્કેટીંગ આઉટલેટ ખાંભા નુ ઉદઘાટન તેમના વરદ હસ્તે કરવામાં આવ્યુ હતુ.

***વિશ્વવિજયી તે જ બને જે લીધેલ સંકલ્પને પોતાનું નિશાન બનાવે.***

## સામાજીક ઉતરદાયત્વ પર ટ્રેનીંગ અને કાર્યશાળા

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર અને વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ ના સામાજીક ઉતરદાયત્વ પર કાર્યરત ટીમના સભ્યો માટે સામાજીક અન્વેષણના સંદર્ભમા લોકોને ઉપયોગી થઈ શકે તેવી પ્રક્રિયા હાથ ધરવા તેમના ક્ષમતાવર્ધન માટે તા. ૧૨/૫/૦૯ના રોજ ઉન્નતિ દ્વારા બગસરા ખાતે એક કાર્યશાળા યોજાઈ જેમાં માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ની સમજ અને જાણકારી તથા તેની અસરકારતા અને તેનો કઈ પધ્ધતિથી ઉપયોગ કરી શકાય તે વિશે વિવિધ ટેકનીક થી માહિતગાર કર્યા હતા.

ગ્રામ્ય સ્તરે લોકો આ અધિનિયમનો મહતમ ઉપયોગ કરી શકે તે હેતુથી કરવાના તથા આરટીઆઈ કેમ્પના ભાગરુપે બગસરા નજીકના જેઠીયાવદર ગામે માહિતી અધિકાર કાયદાની સમજણ માટે કેમ્પ રાખવામાં આવેલ જેમા સાપસીડીની રમત સાથે આવરી લીધેલ માહિતી અધિકારના કાયદાની ઉપલબ્ધી અને ખામી ગમ્મત સાથે ગામના ઉપસ્થિત ૪૦–૪૫ લોકો વચ્ચે કરવામા આવી. લોકોને વિવિધ દ્રસ્ટાંતો સાથે ઉંડી સમજણ આપી તેમજ માહિતી અધિકાર અધિનિયમની આપ લે, પ્રશ્નોતરી દરમ્યાન આવેલ પ્રશ્નોનું નિરાકરણ વિગેરે બાબતો આવરી લેવાઈ હતી.

## વર્ષા વિમા અંગે કાર્યશિબિર

વર્ષ ૨૦૦૯ ની વર્ષવીમાની બાબતો સ્પષ્ટ કરવા ૭ મે ૦૯ના રોજ સજજતા સંઘ દ્વારા એક કાર્યશિબિર યોજવામાં આવી હતી. જેમાં એસએસકેકેના પ્રતિનિધીઓ તરફથી ગત વર્ષની પ્રોડકટમાં ખેડૂતો તરફથી આવેલ સમસ્યાઓ ઉપસ્થિત તમામ વ્યકિતઓ સમક્ષ રજુ કરી હતી. અગાઉ થયેલ રજુઆત મુજબ પ્રોડકટસ તૈયાર ન થતા ખેડુતોને ઉચું પ્રિમિયમ ચુકવવું પડે તેવી સ્થિતિમા આ પ્રોડકટ ખરીદવા ખેડૂતો તૈયાર ન થાય જેથી જરુરી ફેરફારની શકયતા ચકાસવા આજની આ બેઠકમાં એઆઈસી સાથે સંપર્ક કરી આગળના વર્ષની પ્રોડકટ ડિઝાઈનમાં ખેડુતોએ સુચવેલ ૩ પૈકી બે ફેરફાર કરી પ્રોડકટ તૈયાર કરેલ જેમાં પણ રજુઆતના અંતે અપેક્ષા નજીકની પ્રોડકટ તૈયાર થયેલ. જે માન્ય રાખવામાં આવેલ હતી. ત્યાર બાદ વર્ષા વીમા અભિયાન અંગે આયોજન કરવામાં આવ્યું. જેમા દરેક ગામોમાં કરવાની પ્રવૃતિઓની ચર્ચા સજજતા સંઘના સભ્યો સાથે રહી નકકી કરવામા આવી હતી.

વર્ષા વીમાની પ્રોડકટ ખરીદવા માટે ખેડુતો સાથેની વાતચીતથી શરૂ કરીને વિમા કલેઈમ સેટલમેન્ટ સુધી વહીવટી બાબતોની કાળજી રાખવા વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી ખાંભા ક્ષેત્રિય કાર્યાલયના પ્રતિનિધીઓ શ્રી વિપુલ શેલડીયા તથા શ્રી અશોક શેલાર આ બેઠકમા ઉપસ્થિત રહયા હતા.

**બાળકોનો પ્રકૃતિ સાથે સંગમ કરવાથી નિખાલસ બને છે.**

## ગ્રામ્ય યુવા સંમેલન

તા. ૭/૫/૦૯ના રોજ ગોપનાથ ખાતે ગ્રામ્ય યુવા સંમેલન યોજવામાં આવ્યું. જેમાં ઉત્થાન, એસએસકેકે તથા નવજયોત મહિલા ટ્રસ્ટે ભાગ લીધો હતો. ભાગ લીધેલ યુવક યુવતીની હાજર સંખ્યા ૨૫૦ જેટલી હતી. આ સંમેલનનો મુખ્ય આશય એવો હતો કે હાલ વૈશ્વિક મંદીના કારણે બેકારીના પ્રશ્નો વધ્યા છે જેને લઈને સંગઠનો દ્વારા નાના નાના ઉદ્યોગો સ્થાપી રોજગારીની તકો કુંટુબના દરેક સભ્યોને મળી રહે એવા આશયને ધ્યાનમાં રાખી સંમેલન યોજવામાં આવ્યું હતુ.

## વિકલાંગતા પર કાર્યશાળા

હેન્ડીકેપ ઈન્ટરનેશનલ દ્વારા ૩ દિવસિય વર્કશોપ અમરેલીમાં પારસ હોટલ ખાતે રાખવામાં આવેલ. જેમાં વિકલાંગ વ્યકિતઓને સમાન તકો, અધિકારોનું રક્ષણ અને સંપુર્ણ સહભાગીતા પર સમજ બનાવી. આ વર્કશોપનો મુખ્ય હેતુ વિકલાંગ બાળકોહેતુ રહેલો હતો

**માસ દરમ્યાન**

| | |
|---|---|
| ૨ | ન્યાય સમિતીનું વાર્ષિક કાર્ય આયોજન,ખાંભા |
| ૩ | ટીમ મીટીંગ ખાંભા |
| ૭ | સજજતા સંઘ મીટીંગ – અમદાવાદ |
| ૭ | યુવા સમેલન – ગોપનાથ |
| ૧૪ | ઉદ્‌ઘાટન માર્કેટીંગ આઉટલેટ–ખાંભા |
| ૧૭થી૧૯ | વિકંલાગતા સંમેલન શાળા હોટલ પારસ – અમરેલી |
| ૨૩ | વાર્ષિક સંમેલન, સાધારણ સભા–અમરેલી |
| ૨૫/૨૬ | ન્યાય સમિતિ ડીબ્રીફીન – આબુ |

## ખેડૂત મીટીંગ

માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ના અમલ અંગેની બાબતો સમજવા એક ફિલ્મ રજુ કરવામા આવી હતી. તેનાથી ઉપસ્થિત તમામ વ્યકિત આરટીઆઈના નામે ઓળખાતા આ કાયદાથી પરિચિત થયા અને તેઓ માહિતી માંગવાના અધિકાર પ્રત્યે જાગૃત થયા.

સંસ્થા દ્વારા ગયા વર્ષથી એગ્રીકલ્ચર ઈન્સ્યોરન્સ કંપની સાથે રહી ખાંભા અને અમરેલી તાલુકામાં ખેડૂતો સાથે રહી વર્ષા વિમાની શરૂઆત કરી હતી. તેની વિગતો વિપુલભાઈ શેલડીયાએ આપી હતી. તેઓએ આ વર્ષ ખેડૂતો સાથે રહી આ પ્રોડકટમાં સુધારા કરાવ્યા તેની વિગતો પણ આપી હતી. ખેડૂતો સાથે અનુભવોની આપ લે વાળી બાબતો પણ સભા સમક્ષ ભરતભાઈ વાળાએ રજુ કરી હતી.

## અભ્યાસ

ગરીબ ખેતમજુરોને છેલ્લા બે વર્ષમા સાંથળ ીમાં અપાયેલ બે બે એકર જમીનમા નાવા બનેલા આ ખેડૂત ખાતેદારોની સ્થિતિ જાણવા એક અભ્યાસ ગ્રામ સ્વરાજ સમિતીએ હાથ ધર્યો હતો જેમાં અમરેલી જીલ્લામા સાંથળીમા અપાયેલ જમીનોના લાભાર્થીઓની મુલાકાત શ્રી ભરતભાઈ વાળાએ લઈ દરેકની વિગતો એકત્ર કરી હતી.

*સરિતાને સમજવા વિશાળ દ્રષ્ટિ જોઈએ.*

**વાર્ષિક મિલન**

વર્ષ દરમ્યાનના કામકાજોના મુલ્યાંકન માટે દર વર્ષ યોજાતા વાષિક મિલનનો કાર્યક્રમ આ વર્ષ ૨૩ મે ૦૯ના રોજ યોજાયો. જેમાં સંસ્થાના સભ્યો, સ્ટાફગણ, ભૂતપૂર્વ સ્ટાફ તથા સંસ્થા સાથે જોડાયેલા અન્ય એજન્સીઓના પ્રતિનિધીઓ અને સંસ્થાના કાર્યક્ષેત્રનાં પ્રતિનિધીઓ ઉપસ્થિત રહયા હતા.

વાર્ષીક કામગીરીથી સૌને વાકેફ કરવા, વર્ષ દરમિયાન થયેલ અનુભવો તથા મુશ્કેલીઓ પર ચર્ચા કરવી તેમજ આગામી વર્ષના આયોજન માટે સૂચનો મેળવવાના ઉદેશ આ મિલનનો હતો.

કાર્યક્રમનો પ્રારંભ પ્રાર્થના (ભજન) 'પાયોજી મેને રામ રતન ધન પાયો' થી થયો હતો. સંગીતના સાધનો સાથે તૃષા રાઠોડ અને ધર્મરાજ ભટ્ટીએ રચના રજુ કરી હતી.

સંસ્થાની વર્ષ ૨૦૦૮–૦૯ની વાર્ષિક ગતિવિધિની વિગતો રજુ થઈ. જેમાં સંસ્થાના વિઝન/મિશન ધ્યેય અને કાર્યક્રમોની વિગતો રજૂ કરવામાં આવી. દરેક કાર્યક્રમોમાં અગાઉ થયેલ પ્રવૃતિઓ અને હાલમાં ચાલી રહેલી પ્રવૃતિઓની વિગતો સવિસ્તાર રજૂ કરવામાં આવી.

**અનુભવો**

સોશિયલ એકાઉન્ટેબીલીટીને ટીમ સારી રીતે સમજી તેનો અમલ કરવા પ્રયાસ કર્યો. જોખમો સામે રક્ષણ મેળવવા AIC અને LIC માં ભરેલ પ્રીમીયમ સામે યોગ્ય વળતર મળ્યું. વર્ષ દરમ્યાન સંસ્થાના કાર્યક્રમોને ટેકો આપતા પ્રોજેકટ માટે આર્થિક સહાયતા માટે થયેલી દરખાસ્તોમાં પ્રતિભાવ સાંપડયો નહી.

**મુશ્કેલીઓ**

પ્રોજેકટ માટે મુકેલી દરખાસ્તો સ્પર્ધામાં ટકી શકે તેવી બનાવી શકયા નહી, એલઆઈસી / વર્ષા વિમાની પ્રોડકટ સંસ્થાની ટીમ બરાબર સમજી શકી નહી, વર્ષ દરમિયાન રોજીંદા કાર્યમાં વહીવટી રીતે કુશળ કાર્યકરનો અભાવ રહયો.

કારોબારી સમિતીના અમુક સભ્યોની સક્રિયતાનો અભાવ વર્તાયો.

**આયોજન**

કાર્યક્રમો અંતર્ગત

જેન્ડર અને વિકાસમાં નારીવાદની સમજ.

વિવિધ તાલીમો યોજવી

સંશોધનમાં પંચાળનો સર્વે હાથ ધરવો.

કૃષિ નીતી/સીડ બીલ પર જાગૃતિ

**સંસ્થાકીય**

ચાલી રહેલા કાર્યક્રમોને અસરકારક બનાવવા તેના માટે સંશાધનોની વ્યવસ્થા

પોલીસીનું અમલીકરણ

સંસ્થાના વોટરશેડ પ્રશ્નનો ઉકેલ.

કારોબારી સભ્યોની સક્રિયતા

ઉપર મુજબની રજુઆત પૂર્ણ થતા ખુલ્લા મંચમા ચર્ચા ચલાવવા માટેની પેનલમા શ્રી કે.આર.સાલ્વે (એજીએમ નાબાર્ડ)અધ્યક્ષતામાં શ્રી બીપીનભાઈ જોષી (શિક્ષક, ફોરવર્ડ

હાઈસ્કૂલ)એ જણાવ્યું હતુ કે સંસ્થાના કાર્યોનો છેલ્લા ૧૪ વર્ષથી સાક્ષી છું. સંસ્થાના કાર્યોમા સામેલ થવું ખૂબ જ ગમ્યું છે. શ્રી અશ્વીનભાઈ ઠુંમર(એડવોકેટ)ના જણાવ્યા અનુસાર તેઓ આ સંસ્થાની દરેક સમસ્યાઓ તથા તેમની આગવી કામ કરવાની પધ્ધતિઓથી વાકેફ છુ તેમ જણાવ્યુ હતુ. શ્રી કનુભાઈ નસીત (ચેરમેન, અવિરત)એ કંપનીની રચના અને તેના સંચાલનમા સંસ્થાના સહયોગ બાબતે વિસ્તૃત વિગતો આપી હતી. રળિયાતબેન રાઠોડ(ન્યાય સમિતિ) વતી પુનીબેન કોટડીયા તેમની પ્રવૃતિઓ અને સંસ્થાના સંકલન બાબતે વિગતો આપી હતી. પેનલના સભ્યોએ સંસ્થા સાથેના પોતાના જોડાણ તથા કામગીરીના સંદર્ભે પોતે અનુભવેલી/જોયેલી બાબતો રજુ કરી હતી. જેમાં ખાસ કરીને સંસ્થાની પ્રવૃતિઓની વિશ્વસનીયતા સ્ટાફની સમરસતા તેમજ કયાંક થયેલી ભૂલો પણ ઉજાગર થઈ જેનાથી ટીમની નબળાઈઓ દર્શાવી તેના પર સંમેલનમાં લેનાર સાથીઓએ પોતપોતાના મંતવ્યો રજુ કર્યા હતા.

બિપીનભાઈ અગ્રાવતઃ સંસ્થાએ આર્થિક બાબતો પર ધ્યાન આપવુ જરૂરી છે.

દિપા ચૌહાણઃ આગળના વર્ષ કરતા ગત વર્ષ કામકાજ માટે સારુ રહયુ. હું ઘણી મીટીંગમા હાજર ન રહી જેના કારણે નિર્ણયોમાં મારી સામેલગીરી રહી શકી નહી તેનો મને અફસોસ છે. જે બદલ દિલગીરી વ્યકત કરુ છુ.

વિભિષા મકવાણા : મારે હજુ સંસ્થાનો એકજ દિવસનો પરિચય થયો છે પરંતુ સંસ્થાના કામથી મને ખુબજ આનંદ થયો છે.

હિના શાહઃ કામમાં ૧૦૦ ટકા મન લગાવીએ તો સફળતા મળે જ છે. ટીમમા એકતા જરુરી છે.

રંજન રાદડીયા : અનુભવી વ્યકિતઓએ થોડો સમય કાઢી અગાઉના અણઉકેલ પ્રશ્નો માટે જે તે વખતે કામ કરતા હોય તેમનો સંપર્ક કરી તેનો ઉકેલ લાવવા પ્રયાસ કર્યો હોત તો સારુ હતુ.

પ્રકાશ ભટી : સંસ્થાએ વિધિસરનુ શૈક્ષણિક કાર્ય હાથ ધરવુ જોઈએ, સંસ્થાના સંચાલન તળે કોલેજ કે શાળા શરુ કરી શકાય તેવુ મારુ માનવુ છે.

રમેશ વાડદોરીયા : સંસ્થાની પાયાની કામગીરીથી સાથે છું પરંતુ છેલ્લા ઘણા સમયથી પુરો સમય આપી શકતો નથી.

નિલેશભાઈ મસરાણી : સંસ્થા સાથે ૧૨ વર્ષથી જોડયેલો છુ સ્ટાફને તાલીમ આપીએ ત્યાં તે વ્યકિત જતી રહે છે

જયસુખભાઈ કયાડા : જીલ્લાથી માંડી રાજય સુધી વોટરશેડનો પ્રશ્ન હલ કરવા પ્રયત્નો કર્યા પરંતુ પરિણામ મળી શકયુ નથી.

અશોકભાઈ શેલાર : છેલ્લા ચાર મહીનાથી અમારી ટીમની તથા સંસ્થાની પરિસ્થિતી સારી થતી હોય તેવી દેખાય છે.

કિર્તીભાઈ રાવળ : સંસ્થા શાકિતશાળી છે. જે લોકો રસ નથી લેતા તેઓ પાસે જવાની જરૂર નથી.

**આચારસંહિતાના અભ્યાસ માત્રથી જ્ઞાનને પ્રાપ્ત કરી શકાય છે.**

ડાયાભાઈ પાટણવાડીયાઃ ખાંભા ઓફીસ હું આ સંસ્થા સાથે ૧૯૯૭થી જોડયેલો છું પેઈડ સ્ટાફ ઓછા કરવાના કારણે સંસ્થામાં થોડુ કામ ઓછું લાગતું હોય પરતું કામના સંર્દભ માં આજે છેલ્લા ચાર મહીનાથી સંસ્થા દરેક પ્રવૃતીથી આગળ વધતી હોય તેવું લાગે છે. સંસ્થાએ અવિરત કંપનીને આપેલ સહયોગ અભુત પુર્વ છે.

આ ઉપરાંત ઘણા સાથીઓએ પોતાના પ્રતિભાવ આપ્યા હતા તે તમામને સંકલિત કરતા નાબાર્ડના એજીએમ શ્રી કે.આર.સાલ્વેએ પોતાની પણ સંસ્થા સાથેની કામની બાબતો પર મંતવ્ય આપી જણાવ્યુ હતુ કે અગાઉના પ્રશ્નોને લઈ બિન જરુરી ચર્ચા કરવાને બદલે આગળના આયોજન પર ધ્યાન કેન્દ્રિત કરવુ જોઈએ. હુ જાણુ છુ ત્યાં સુધી સંસ્થાનુ કામ ઘણું સારી રીતે ચાલે છે.

અંતમા શ્રી ધીરુભાઈ વાગડીયાએ ગત વર્ષની કામગીરીને લગતી બાબતોમા તેમના ધ્યાન પર આવેલી બાબતો સૌની સમક્ષ મુકી ગત વર્ષમાં મર્યાદીત સંશાધનો વચ્ચે સંતોષકારક કામગીરી થઈ શકી છે. આગામી સમયમા આપ સૌનુ માર્ગદર્શન મળતુ રહે તેવી અપેક્ષા સાથે સૌ નો આભાર માન્યો હતો.

---

Aim high, work hard;
accept the result as got desire.
Do not lose heart / Hope, because you shall win!!
It is never too late, to start afresh.

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Reg. No. L2/41/G-AMI-91/2008
Valid Upto 31/12/2011

RNI No. GUJGUJ/1999/01521
Date Of Issue 1st of month

**Book -Post, Printed Matter**

SskK
ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**વૈરાગ્ય જીવનને આધ્યાત્મિક તરફ વાળે છે.**